**પ્રધાનમંત્રીએ 14 મી ભારત-ફ્રાન્સ સીઈઓ ફોરમને સંબોધી (11 ફેબ્રુઆરી, 2025)**

11 ફેબ્રુઆરી, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ઇમેન્યુઅલ મેક્રોને આજે પેરિસમાં 14 મી ભારત-ફ્રાન્સ સીઈઓ ફોરમને સંબોધિત કરી હતી. ફોરમ બંને પક્ષોની વિવિધ કંપનીઓના સીઈઓને એકસાથે લાવ્યા, જેમાં સંરક્ષણ, એરોસ્પેસ, નિર્ણાયક અને ઉભરતી ટેકનોલોજી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન ઉત્પાદન, કૃત્રિમ બુદ્ધિમત્તા, જીવન-વિજ્ઞાન, સુખાકારી અને જીવનશૈલી અને ખાદ્ય અને આતિથ્ય જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

2. પ્રધાનમંત્રીએ તેમના સંબોધનમાં ભારત-ફ્રાન્સ વ્યવસાય અને આર્થિક સહયોગને વિસ્તૃત કરવા અને બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનું જણાવ્યું. તેમણે સ્થિર રાજનીતિ અને અનુમાનિત નીતિગત ઇકોસિસ્ટમના આધારે, ભારતને એક પસંદગીના વૈશ્વિક રોકાણ સ્થળ તરીકે દર્શાવ્યું. તાજેતરના બજેટમાં જાહેર કરાયેલા સુધારાઓ વિશે વાત કરતાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું કે વીમા ક્ષેત્ર હવે 100% FDI માટે ખુલ્લું છે અને SMR અને AMR ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરીને ખાનગી ભાગીદારી માટે નાગરિક પરમાણુ ઊર્જા ક્ષેત્ર ખુલ્લું છે; કસ્ટમ્સ રેટ માળખું તર્કસંગત બનાવવામાં આવ્યું છે; અને જીવનની સરળતા વધારવા માટે સરળ આવકવેરા કોડ લાવવામાં આવી રહ્યો છે. સુધારાને ચાલુ રાખવાની સરકારની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કરતા તેમણે નોંધ્યું હતું કે વિશ્વાસ આધારિત આર્થિક શાસન સ્થાપિત કરવા માટે નિયમનકારી સુધારાઓ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. તે જ રીતે, છેલ્લા કેટલાક વર્ષોમાં 40,000 થી વધુ અનુપાલનોને તર્કસંગત બનાવવામાં આવ્યા છે.

3. પ્રધાનમંત્રીએ ફ્રાંસની કંપનીઓને સંરક્ષણ, ઉર્જા, રાજમાર્ગ, નાગરિક ઉડ્ડયન, અંતરિક્ષ, આરોગ્યસંભાળ, ફિનટેક અને ટકાઉ વિકાસ ક્ષેત્રોમાં ભારતની વિકાસગાથા દ્વારા પ્રદાન કરવામાં આવતી અપાર તકો જોવા માટે આમંત્રણ આપ્યું હતું. ભારતના કૌશલ્ય, પ્રતિભા અને નવીનતા અને તેના નવા શરૂ કરાયેલા AI, સેમિકન્ડકટર, ક્વોન્ટમ, ક્રિટિકલ મિનરલ્સ અને હાઇડ્રોજન મિશનમાં વૈશ્વિક પ્રશંસા અને રસ પર ભાર મૂકતા, તેમણે ફ્રેન્ચ ઉદ્યોગોને પરસ્પર વિકાસ અને સમૃદ્ધિ માટે ભારતમાં ભાગીદાર બનવા હાકલ કરી. તેમણે આ ક્ષેત્રોમાં સક્રિય સંલગ્નતાના મહત્વની રૂપરેખા આપી હતી, નવીનતા, રોકાણ અને ટેકનોલોજી આધારિત ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે બંને દેશોની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી. પ્રધાનમંત્રીનાં સંપૂર્ણ ભાષણો અહીં જોઇ શકાય છે

4. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, ફ્રાન્સના યુરોપ અને વિદેશ મંત્રી મહામહિમ જીન-નોએલ બેરોટ અને ફ્રાન્સના અર્થતંત્ર, નાણાં અને ઔદ્યોગિક અને ડિજિટલ સાર્વભૌમત્વ મંત્રી મહામહિમ એરિક લોમ્બાર્ડે પણ ફોરમને સંબોધિત કર્યું.

5. બંને પક્ષોના સીઈઓ બેઠકમાં હાજર રહ્યા હતા:

**ભારત તરફથી:**

| | કંપનીનું નામ (સેક્ટર) | નામ અને પદ |
|---|---|---|
| 1 | જુબિલેન્ટ ફૂડવર્ક્સ/જુબિલેન્ટ લાઇફ સાયન્સ, ફૂડ એન્ડ બેવરેજ | હરિ ભરતિયા, સહ-અધ્યક્ષ અને નિર્દેશક |
| 2 | CII | ચંદ્રજીત બેનર્જી, મહાનિર્દેશક |
| 3 | ટીટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડ (TRSL), રેલવે અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર | ઉમેશ ચૌધરી, સહ-અધ્યક્ષ અને વહિવટ નિર્દેશક |
| 4 | ભારત લાઇટ એન્ડ પાવર પ્રાઇવેટ લિમિટેડ, (રિન્યુએબલ એનર્જી) | તેજપ્રીત ચોપરા, સંસ્થાપક અને સીઈઓ |
| 5 | પી મફતલાલ ગ્રુપ, ટેક્સટાઇલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્ટ્સ | વિશાદ મફતલાલ, અધ્યક્ષ |
| 6 | બોટ, કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ (વેરેબલ્સ) | અમન ગુપ્તા, સહ-સ્થાપક |
| 7 | દલિત ઇન્ડિયન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (DICCI), બિઝનેસ એડવોકેસી એન્ડ ઇન્ક્લૂઝન | મિલિંદ કાંબલે, સ્થાપક/અધ્યક્ષ |
| 8 | સ્કાયરૂટ એરોસ્પેસ, એરોસ્પેસ એન્ડ સ્પેસ એન્ડ ટેક્નોલોજી | પવન કુમાર ચાંદના, સહ-સ્થાપક |
| 9 | અગ્નિકુલ, એરોસ્પેસ & સ્પેસ એન્ડ ટેક્નોલોજી | શ્રીનાથ રવિચંદ્રન, સહ-સ્થાપક અને સીઈઓ |

| | | |
|---|---|---|
| 10 | **ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ, એરોસ્પેસ એન્ડ ડિફેન્સ** | **સુકરન સિંહ, વહિવટ નિર્દેશક** |
| 11 | **UPL ગ્રુપ, એગ્રોકેમિકલ એન્ડ એગ્રીબિઝનેસ** | **વિક્રમ શ્રોફ, સહ-અધ્યક્ષ અને સહ-સીઇઓ** |
| 12 | **સુલા વાઇનયાર્ડ્સ, ફૂડ એન્ડ બેવરેજ** | **રાજીવ સામંત, સીઈઓ** |
| 13 | **ડાયનેમેટિક ટેક્નોલોજીસ લિમિટેડ, એરોસ્પેસ & ડિફેન્સ, એન્ડ એન્જિનિયરિંગ** | **ઉદયંત મલ્હોત્રા, સીઈઓ અને વહિવટ નિર્દેશક** |
| 14 | **ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સ (TCE), એન્જિનિયરિંગ એન્ડ કન્સલ્ટિંગ** | **અમિત શર્મા, વહિવટ નિર્દેશક અને સીઈઓ** |
| 15. | નાયકા, કૉસ્મેટિક્સ એન્ડ કન્ઝ્યુમર ગુડ્સ | ફાલ્ગુની નાયર, સીઈઓ |

**ફ્રાન્સ તરફથી:**

| | કંપનીનું નામ (સેક્ટર) | નામ અને પદ |
|---|---|---|
| 1 | એર બસ, એરોસ્પેસ & સંરક્ષણ | ગિલૌમ ફાઉરી, સીઈઓ |
| 2 | એર લિક્વિડ, કેમિકલ્સ, હેલ્થ કેર, એન્જિનિયરિંગ | ફ્રાંસ્વા જૈકો, સીઈઓ અને એર લિક્વિડ ગ્રુપના નિર્દેશક મંડળના સભ્ય |
| 3 | બ્લાબ્લાકાર, ટ્રાન્સપોર્ટ, સર્વિસિસ | નિકોલસ બ્રુસોં, સીઈઓ અને સહ-સ્થાપક |
| 4 | કેપજેમિની ગ્રુપ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, એન્જિનિયરિંગ | એમન એજાટ, સીઈઓ |
| 5 | ડેનોન, ફૂડ અને બેવરેજ | એન્ટોઆન ડી સેન્ટ અફ્રીક, સીઈઓ |
| 6 | EDF, એનર્જી, પાવર | લ્યૂક રેમોં, અધ્યક્ષ અને સીઈઓ |
| 7 | એજિસ ગ્રુપ, આર્કિટેક્ચર કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગ | લૉરેન્ટ જર્મેન, સીઈઓ |
| 8 | એંજી ગ્રુપ, એનર્જી, રિન્યુએબલ એનર્જી | કેથરીન મેકગ્રેગર, સીઈઓ અને એંજીના બોર્ડ સભ્ય. |
| 9 | લોરિયલ, કૉસ્મેટિક્સ અને કન્ઝ્યુમર ગુડ્સ | નિકોલસ હિએરોનિમસ, સીઈઓ અને નિર્દેશક મંડળના સભ્ય |

| | | |
|---|---|---|
| 10 | **મિસ્ટ્રલ AI, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ** | **આર્થર મેન્શ, સીઈઓ અને સહ-સ્થાપક** |
| 11 | **નેવલ ગ્રુપ, ડિફેન્સ, શિપબિલ્ડિંગ, એન્જિનિયરિંગ** | **પિયરે એરિક પૉમેલલેટ, અધ્યક્ષ અને સીઇઓ** |
| 12 | **પેરનોડ રિકાર્ડ, આલ્કોહોલ બેવરેજ, FMCG** | **એલેકઝેન્ડર રિકાર્ડ, અધ્યક્ષ અને સીઈઓ** |
| 13 | **સફરાન, એરોસ્પેસ અને સંરક્ષણ** | **ઓલિવિયર એન્ડ્રીસ, સીઈઓ** |
| 14 | **સર્વિયર, ફાર્માસ્યુટિકલ્સ, હેલ્થ કેર** | **ઓલિવિયર લૉરો, પ્રમુખ અને સીઈઓ** |
| 15 | **ટોટલ એનર્જીસ SE, એનર્જી** | **પેટ્રિક પૉયને, અધ્યક્ષ અને સીઈઓ** |
| 16 | **વિકાટ, કન્સ્ટ્રક્શન** | **ગાય સિડોસ, અધ્યક્ષ અને સીઈઓ** |

પેરિસ

11 ફેબ્રુઆરી, 2025